Date:- 15-09-2024

Sandesh, Page-04, Surat

# ૭૪મા જન્મદિવસ પૂર્વે PM મોદી આજથી ગુજરાતમાં, કાલે GMDC ગ્રાઉન્ડમાં સભા

**ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ પહેલીવાર નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે**

## ૧૯ મહિના પછી ગાંધીનગરમાં પીએમ મોદીનું બે રાત્રિનું રોકાણ, અધિકારી- પદાધિકારીઓ એલર્ટ

## જીએમડીસી ગ્રાઉન્ડમાં રૂ. ૧૦ હજાર કરોડના વિકાસના કામોના લોકાપર્ણ અને ખાતમૂર્હત કરશે

## સોમવારે રિન્યુએબલ એનર્જી સમિટને સંબોધન કર્યા બાદ ગાંધીનગરને મેટ્રો રેલ સાથે જોડશે

ગાંધીનગર

ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળ્યાના ત્રણ મહિના પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહ રાજ્ય ગુજરાત આવી રહ્યા છે. ૧૭મી સપ્ટેમ્બરને મંગળવારે તેમનો ૭૪મો જન્મદિવસ છે અને તેના પહેલા ૧૫મી સપ્ટેમ્બરને રવિવારે બપોરે તેઓ અમદાવાદ એરપોર્ટ પર તેઓ આગમન કરશે. તેમના સ્વાગત માટે એરપોર્ટ ઉપર ભવ્ય તૈયારીઓ કરવામાં આવી છે. જન્મદિવસ પૂર્વે તેઓ અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં સરકારી યોજનાઓના ૭૦ હજારથી વધારે લાભાર્થીઓની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના રૂ.૧૦ હજાર કરોડના વિકાસના કામોનું લોકાપર્ણ કરશે અને ખાતમૂર્હત પણ. સહાય વિતરણના આ કાર્યક્રમમાં તેઓ વિશાળ જનસભાને સંબોધશે.

નરેન્દ્ર મોદી આ વખતે રવિવારની બપોરથી મંગળવારે સવાર સુધી અર્થાત બે રાત્રિનું રોકાણ ગાંધીનગરમાં કરવાના છે. છેલ્લે વિધાનસભા- ૨૦૨૨ની ચૂંટણી વેળા એટલે કે ૧૯ મહિના અગાઉ તેમણે બે રાત્રી અને ત્રણ દિવસનું રોકાણ કર્યુ હતુ. આ વખતના શિડ્યુલમાં રવિવારે બપોરે અહીં ઉત્તરાયણ કર્યા બાદ વડસર એરફોર્સ સ્ટેશનની મૂલાકાત બાદ સાંજના છ કલાકે પરત રાજભવન જવાના છે. સોમવારે સવારે મહાત્મા મંદિરમાં રિન્યુએબલ એનર્જી ગ્લોબલ સમિટનુ ઉદઘાટન- સંબોધન કર્યા બાદ ગાંધીનગરને અમદાવાદ શહેર સાથે જોડતા મેટ્રો રેલ પ્રોજેક્ટનુ લોકાપર્ણ કરશે. બપોર પછી સાંજે ત્રણેક કલાકે અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં ગુજરાત સરકારના ૧૦ હજાર કરોડના વિકાસના કામોના લોકાપર્ણ, ખાતમૂર્હત અને સહાય વિતરણના કાર્યક્રમને સંબોધશે. ત્યાંથી પરત છ વાગ્યે પરત રાજભવન પહોંચશે. ત્રીજા દિવસ મંગળવારે પોતાના ૭૪માં જન્મદિવસે સવારે અમદાવાદથી ભૂવનેશ્વર જશે. આમ બે રાત્રીના રોકાણ અને સાંજ છ વાગ્યા પછી રાજભવન ખાતે હોવાથી વહિવટી તંત્ર અને ભાજપ સરકાર, સંગઠનના પદાધિકારીઓ એલર્ટ મોડ ઉપર આવી ગયા છે.

### વડાપ્રધાન મોદીનો પ્રવાસ

**૧૫ સપ્ટેમ્બર, રવિવાર**

- સાંજે ૪-૩૦ કલાકે એરપોર્ટ આવશે અને ત્યાંથી વડસર એરફોર્સ સ્ટેશને નવા ઓપરેશન સેન્ટરની મૂલાકાત લેશે.
- સાંજે ૬-૦૦ કલાકે વડસરથી ગાંધીનગર રાજભવન પહોંચશે. જ્યાં વિવિધ સ્તરની બેઠકો, મુલાકાતો

**૧૬ સપ્ટેમ્બર, સોમવાર**

- સવારે ૧૦- ૦૦ કલાકે: મહાત્મા મંદિરમાં રિન્યુએબલ એનર્જી સમિટનુ ઉદ્ઘાટન- સંબોધન
- બપોર ૧૨-૦૦ કલાકે : રાજભવન ખાતે રોકાણ
- બપોરે ૧-૩૦ કલાકે: સેક્ટર-૧થી ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટનુ લોકાપર્ણ- મુસાફરી
- બપોરે ૩-૩૦ કલાક: અમદાવાદ ખાતે આવેલા GMDC ગ્રાઉન્ડમાં સરકારી કાર્યક્રમ
- સાંજે ૬-૦૦ કલાક : રાજભવન પરત અને રોકાણ

**૧૭ સપ્ટેમ્બર, મંગળવાર :** સવારે ૯-૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટથી ભુવનેશ્વર જશે.

### PM મોદીના હસ્તે કાલે ઔડા અને AMCના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત

* બાકરોલ, હાથીજણ, રામોલ-પાંજરાપોળ જક્શન ખાતે ૬ લેનના ૪ ફ્લાયઓવરનું ખાતમુહુર્ત
* ઔડા દ્વારા રૂ.૧૨૮ કરોડ, ૦૨ લાખના ખર્ચે ઝુંડાલ- ચાંદખેડા વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલા ૧,૧૨૦ આવાસનું લોકાર્પણ કરાશે.
* પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નરોડા TP-૧૨૧, ૭૧ અને ૭૫માં રૂ. ૮૩ કરોડના ખર્ચે તૈયાર ૧,૧૨૫ આવાસોનું લોકાર્પણ
* રૂ. ૨૧.૫૮ ખર્ચે ઠક્કરબાપાનગરમાં તૈયાર કરાયેલ વોટર ડીસ્ટ્રીબ્યુશનનું લોકાર્પણ.
* AMC દ્વારા રૂ. ૮.૧૬ કરોડના ખર્ચે નારોલમાં અને રૂ. ૭.૩૦ કરોડના ખર્ચે નિકોલમાં તૈયાર કરાયેલ શેલ્ટર હોમ (રેન બસેરા)નું લોકાર્પણ.
* રૂ. ૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થનારા ૭ આઈકોનિક રોડનું લોકાર્પણ.
* રૂ.૧૮૦ કરોડના ખર્ચે ૩૦ હજાર કિલોવોટ સોલાર સિસ્ટમનું લોકાર્પણ.